# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૪૯, ડિસેમ્બર ૨૦૧૮- માર્ચ ૨૦૧૯

## યુજીવીસીએલ દ્વારા પ્રજાસત્તાક દિનની આનંદભેર ઉજવણી







UGVCLના મેનેજિંગ ડિરેક્ટરશ્રી તરીકે હોદ્દો સંભાળતા શ્રી મહેશ સિંઘનું ઉષ્માભર્યું સ્વાગત




યુજીવીસીએલે મેળવ્યો IPPAI એવોર્ડ

# આ અંકમાં


અંક–૪૯
ડિસેમ્બર ૨૦૧૮ – માર્ચ ૨૦૧૯
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી મહેશ સિંઘ, આઈએફએસ
શ્રી સ્વરૂપ પી., આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી મિતેષ વૈષ્ણવ, સિનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**તંત્રી મંડળ**
શ્રી એન. સી. મકવાણા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી પી.બી., પંડ્યા, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ) એન્ડ સી.એફ.ઓ.
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી જી.એચ. એન્જિનીયર, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એલ. એફ. ડાભી, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એલ. એ. ગઢવી, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


## આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.


cccell@ugvcl.com
managercc@ugvcl.in
mitesh@ugvcl.in


## આ અંકમાં


### ઉજવણી

» યુજીવીસીએલ દ્વારા પ્રજાસત્તાક દિનની આનંદભેર ઉજવણી........... ૦૪

### સન્માન

» પ્રજાસત્તાક દિવસ નિમિત્તે શૈક્ષણિક-વિશિષ્ટ સિદ્ધિઓ માટે સન્માન સમારંભ.................. ૦૭

### એવોર્ડ

» યુજીવીસીએલે મેળવ્યો IPPAI એવોર્ડ............ ૧૧

### સ્વાગત

» યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટરશ્રી તરીકે હોદ્દો સંભાળતા શ્રી મહેશ સિંઘનું ઉષ્માભર્યું સ્વાગત.... ૧૨

### ચિંતન શિબિર



» યુજીવીસીએલ દ્વારા ''ચિંતન શિબિર''નું આયોજન.................. ૧૩

### મેરેથોન દોડ

» યુજીવીસીએલ દ્વારા મેરેથોન દોડ ''રન ફોર એનર્જી''નું આયોજન................ ૧૫



**પ્રિય કર્મચારી મિત્રો,**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકેના મારા કાર્યકાળ દરમિયાન આપ સૌ તરફથી મને જે સહકાર અને સમર્થન મળ્યાં છે એ બદલ હું હંમેશા આપનો આભારી રહીશ.

આપણી કંપનીનો એક યશસ્વી ઇતિહાસ રહ્યો છે. માત્ર ગુજરાત રાજ્યમાં જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં વીજ વિતરણના ક્ષેત્રે આપણે એક કાર્યદક્ષ કંપની તરીકેની ઓળખ ઊભી કરી શક્યા છે. આ ગૌરવવંતી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે સેવાઓ આપવાનું મને પણ ગૌરવ રહેશે.

વિશ્વસનીય વીજ વિતરણ એ કોઈ પણ સમાજના વિકાસ માટે એક મજબૂત આધાર પૂરો પાડે છે. આપણા કાર્યક્ષેત્રમાં નોંધપાત્ર ખેડૂતો હોવાથી તેમને માટે અવિરત વીજ પુરવઠો પૂરો પાડવો અત્યંત મહત્ત્વપૂર્ણ હોય છે. મને એ વાતનો આનંદ અને સંતોષ છે કે આપણે આપણું કર્તવ્ય પૂરી નિષ્ઠાથી નિભાવ્યું છે.

સરકારશ્રી દ્વારા નિયુક્ત કંપનીના નવા મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ એક બાહોશ અને અનુભવી અધિકારી છે. એમના માર્ગદર્શનમાં અને આપની કર્તવ્યનિષ્ઠાથી કંપની હજી વધુ ગૌરવ પ્રાપ્ત કરે એવી મારી હાર્દિક શુભેચ્છાઓ.

**સ્વરૂપ પી.**, આઇએએસ
ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ



**પ્રિય કર્મચારી મિત્રો,**

ભારતની એક ગૌરવશાળી વીજ વિતરણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્યભાર સંભાળતાં હું અત્યંત ગૌરવ અને આનંદની લાગણી અનુભવી રહ્યો છું.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં વીજ ઉત્પાદન અને વીજ વિતરણના ક્ષેત્રે આપણો દેશ હરણફાળ ભરી રહ્યો છે. ખાસ કરીને ગુજરાત રાજ્ય વિકાસનાં અન્ય ક્ષેત્રોની જેમ વીજ ક્ષેત્રે પણ સમગ્ર દેશને નવી દિશા આપી રહ્યું છે. રહેણાંક, વાણિજ્યિક, ઔદ્યોગિક તથા કૃષિ ક્ષેત્ર માટે અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરીને આપણે રાજ્ય અને દેશના વિકાસને અનન્ય ઊર્જા પૂરી પાડી રહ્યા છીએ.

આવું ત્યારે જ શક્ય બને જ્યારે વીજ કંપનીના પ્રત્યેક કર્મચારીઓ પોતાની ફરજ પૂરી ઇમાનદારી અને દેશ પ્રત્યેના સમર્પણ ભાવ સાથે નિભાવે. મને એ વાતનો ખરેખર આનંદ છે કે આપ સૌની કાર્યનિષ્ઠાને કારણે આપણી કંપનીએ અનેક પ્રતિષ્ઠિત એવોર્ડ્સ મેળવ્યા છે અને ખાસ તો ગ્રાહકોનો વિશ્વાસ જીત્યો છે.

આપણી કંપની યશગાથા વિસ્તારવામાં હું આપનો સહયોગ ઇચ્છું છું.

શુભેચ્છાઓ સાથે,

**મહેશ સિંઘ,** આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# યુજીવીસીએલ દ્વારા પ્રજાસત્તાક દિનની આનંદભેર ઉજવણી

પ્રજાસત્તાક દિવસની ઉજવણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી.

તારીખ ૨૬ જાન્યુઆરી ૨૦૧૯ના પ્રજાસત્તાક દિવસની ઉજવણી અન્વયે સવારે ૯.૦૫ કલાકે સાબરમતી વર્તુળ કચેરી ખાતે કંપનીના માનનીય ચેરમેન શ્રી વરુણ માયરા (નિવૃત્ત આઈ.એ.એસ.) દ્વારા તથા મહેસાણા ખાતે માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી., આઈ.એ.એસ. દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ કરવામાં આવ્યો.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એન.સી. મકવાણા, મુખ્ય ઈજનેર (પી.) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાયનાન્સ) એન્ડ સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (માનવ સંસાધન) શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ એન્ડ રિન્યુએબલ એનર્જી) શ્રી જે.એલ. ભટ્ટ, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી એસ.એ. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક્નીકલ) શ્રી સી.સી. ગાંધી, જેટકો ઝોનલ ઓફિસના વિશેષ મુખ્ય ઈજનેર શ્રી બી.એન. ત્રિવેદી તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારી





ભાઈઓ-બહેનો, નિવૃત્ત કર્મચારીઓ અને તેમના બાળકોએ બહોળી સંખ્યામાં હાજરી આપી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

આ પ્રસંગે ધ્વજવંદન સાથે ‘જન ગણ મણ’ ગીત ગવાતા જાણે દેશભક્તિની લહેર પ્રસરી ગઈ હોય તેવું વાતાવરણ છવાઈ ગયું હતું.

સાબરમતી વર્તુળ કચેરી ખાતે અધિક્ષક ઈજનેરશ્રી વી.એમ. શ્રોફ, અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો, બાળકો અને નિવૃત્ત કર્મચારીઓ હાજર રહીને ધ્વજવંદન કર્યું હતું.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી માયરાએ દેશની સ્વતંત્રતા વિશેના ઈતિહાસ અંગે અને ભૂતપૂર્વ પ્રધાનમંત્રીઓની કાર્યશૈલી અંગેની સમજ આપી હતી.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી સ્વરૂપે જણાવ્યું હતું કે ગત વર્ષમાં આપણી કંપનીને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડસ મળેલ છે જે દર્શાવે છે કે કંપનીના દરેક ઉચ્ચ અધિકારીથી માંડીને નીચેના તમામ કર્મચારી પોતાની કર્તવ્યનિષ્ઠા પ્રત્યે કેટલા સજાગ છે. યુજીવીસીએલની યશકીર્તિ વધારવા અંગે શ્રી સ્વરૂપે તમામ અધિકારીઓ તથા કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.



શ્રી સ્વરૂપના માર્ગદર્શન હેઠળ, ઉમંગ અને ઉત્સાહ સાથે નવિનતમ કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામા આવી હતી અને પ્રજાસત્તાક દિવસની યાદગાર ઉજવણી કરવામા આવી હતી.

પ્રજાસત્તાક દિવસની અનોખી ઉજવણીના ભાગ રૂપે યુજીવીસીએલની રજી.કચેરી અને વર્તુળ કચેરીઓએ જુદા જુદા વિષયો પર ટેબલો રજુ કર્યા હતા. જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.




- Customer Satisfaction, વર્તુળ કચેરી, મહેસાણા
- SKY Project, વર્તુળ કચેરી, હિંમતનગર
- Agriculture, વર્તુળ કચેરી, પાલનપુર
- Industry, વર્તુળ કચેરી, સાબરમતી
- Smart Grid, રજી. કચેરી, મહેસાણા
- T&D Loss, રજી. કચેરી, મહેસાણા
- Electrical Safety, રજી. કચેરી, મહેસાણા

આ ટેબલો પ્રજાસત્તાક દિવસની ઉજવણીના ભાગ રૂપે વિવિધ કચેરીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા અને ઉચ્ચ અધિકારીશ્રીઓની ટીમ દ્વારા નિદર્શિત ટેબલોમાંથી શ્રેષ્ઠ ટેબલો માટેનું આકલન કરવામાં આવ્યું હતું. જે પૈકી રજી. કચેરીના ટેકનીકલ વિભાગ દ્વારા T&D Loss વિષય પર રજુ કરેલો ટેબલો પ્રથમ ક્રમે આવ્યો હતો અને વર્તુળ કચેરી, સાબરમતી દ્વારા Industry વિષય પર રજુ કરેલો ટેબલો






દ્વિતિય ક્રમે આવ્યો હતો. અંતે, તમામ ટેબલોના રજુકર્તાઓને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

ત્યારબાદ, નાયબ ઈજનેર શ્રી એસ. ભટ્ટાચાર્ય અને જુ.આસી. શ્રી બી.પી. ગોસ્વામીએ દેશભક્તિના ગીતો રજુ કર્યા હતા જેના અલૌકિક સૂરોથી હાજર ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનોમાં અનન્ય દેશભક્તિનું મોજુ ફરી વળ્યું હતું.

કર્મચારીઓએ આર્મી વેલ્ફેર ફંડમાં સ્વૈછિક ફાળો આપવા બાબતે આહ્વાહન આપવામાં આવ્યું હતુ અને તે ફાળો એકત્રિત થયા બાદ શ્રી કોઠારી આર્મી વેલ્ફેર ફંડમાં જમા કરાવશે તેવું સૂચવવામાં આવ્યું હતું.

પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન, અલગ અલગ વિષય પર કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ દ્વારા નિર્મિત ત્રણ ડોક્યુમેન્ટરી ફિલ્મો જેવી કે Corporate Film, Safety for Employees અને Safety for Publicનું વિમોચન કરવામાં આવ્યું જે નિહાળવાનો લાભ હાજર રહેલા તમામને મળ્યો હતો.

પાછલા વર્ષ દરમિયાન વિવિધ પેરામીટર જેવા કે Power Supply (Improvement in Reliability Index), T&D Loss Reduction (Non Ag.), Transformer Failure (Rural), Transformer failure (Urban), Zero Electrical / Mechanical Accident Since last Three Years અને Online Payment બાબતે ઉત્તમ પ્રદર્શન કરનારી કચેરીઓના વડાઓને શ્રી સ્વરૂપ અને ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા પ્રશસ્તિ પત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિવિધ રમતગમત ક્ષેત્રે કંપનીનું નામ રોશન કરનાર કર્મચારીઓ તેમજ શૈક્ષણિક ક્ષેત્રે કંપનીને ગૌરવ અપાવનાર કર્મચારીઓનાં તેજસ્વી બાળકોને પ્રશસ્તિપત્ર તેમજ રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

શ્રી સ્વરૂપ અને ઉચ્ચ અધિકારીઓના હસ્તે ડ્રાઈવર, પટાવાળા, દફતરી અને લાઈનસ્ટાફમાં નવા યુનિફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રજાસત્તાક દિવસના આવા રંગારંગ કાર્યક્રમના અંતમાં હાજર તમામ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈ-બહેનો, બાળકો અને નિવૃત્ત કર્મચારીઓએ અલ્પાહાર ગ્રહણ કર્યો હતો. ■

# પ્રજાસત્તાક દિવસ નિમિત્તે શૈક્ષણિક-વિશિષ્ટ સિદ્ધિઓ માટે સન્માન સમારંભ

જીયુવીએનએલ અને તેના તાબા હેઠળની તમામ કંપનીઓમાં દર વર્ષે ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટના રોજ કંપનીમાં કાર્યરત અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ દ્વારા મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓ તેમજ તેઓના સંતાનો દ્વારા મેળવેલ શૈક્ષણિક તથા અન્ય સિદ્ધિઓ માટે સન્માન સમારંભ યોજવામાં આવે છે અને તેઓનું સન્માન કરવામાં આવે છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા તારીખ ૨૬/૦૧/૨૦૧૯ના રોજ પ્રજાસત્તાક દિવસ નિમિત્તે કંપનીમાં કાર્યરત અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓ માટે તથા તેઓના સંતાનો દ્વારા મેળવેલ શૈક્ષણિક તથા અન્ય સિદ્ધિઓ માટે સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સન્માન સમારંભમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી., મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એન. સી. મકવાણા, મુખ્ય ઈજનેર (પીએન્ડપી) શ્રી પી. બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઇનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી એસ. એ. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર (કોમેર્સ અને રિન્યૂએબલ એનર્જી) શ્રી જે. એલ. ભટ્ટ, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રીએસ. એ. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક) શ્રી સી.સી. ગાંધી, જેટકો ઝોનલ ઓફિસ મહેસાણાના વિશેષ મુખ્ય ઈજનેર શ્રી બી. એન. ત્રિવેદી ઉપરાંત અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો, બાળકો તથા ભૂતપૂર્વ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

શ્રી સ્વરૂપ પી. અને ઉચ્ચ અધિકારીશ્રીઓના વરદ હસ્તે શૈક્ષણિક તથા વિવિધ સિદ્ધિઓ માટે કર્મચારીઓને તથા તેમના સંતાનોને રોકડ પુરસ્કાર અને સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં જેની વિગતો નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

## Awards in the category wise Best Sub-Division and in the Academic field to the children of our officers/employees & Sports Achievement

### • Category wise Best Sub-Division Details:

#### (1) Improvement in Power Reliability Index (April-18 to December-18)

| Sr. No. | Name of S/Dn | Name of Division/Circle | Name of Person attending award winning function on dated 26-1-2019 | | |
|---|---|---|---|---|---|
| | | | Technical side (DE/JE) | Line staff side (LI/LM) | Billing side (Dy SA/Sr.Asst.) |
| 01 | Jotana | Mehsana DO (Mehsana CO) | H.D.Chaudhari, DE 9925212620 | R.J.PARMAR, LI | - |
| 02 | Vadali | Idar DO (Himatnagar CO) | P. J. PATEL, DE (VADALI) | J. B. PATEL, LM | - |
| 03 | Palanpur (Highway) | Palanpur-1 DO (Palanpur CO) | N.M. Modh, DE | N.M. Parmar, LM | - |
| 04 | Bopal | Bopal DO (Sabarmati CO) | H.S. PATEL, DE | H.N. Patel, ALM | J.G. Tripathi, Dy.SA |

## (2) % Non agriculture T&D loss reduction (Non-AG) (April-18 to November-18)

| Sr. No. | Name of S/Dn | Name of Division/Circle | Name of Person attending award winning function on dated 26-1-2019 | | |
|---|---|---|---|---|---|
| | | | Technical side (DE/JE) | Line staff side (LI/LM) | Billing side (Dy SA/Sr.Asst.) |
| 01 | Kadi (R) -2 | Kadi DO (Mehsana CO) | M.P. Trivedi, DE 9925212651 | M.G. Sathawara LI | A.R. Shah, Sr.Asstt |
| 02 | Gambhoi | Himatnagar DO (Himatnagar CO) | Smt P.S.Parmar, JE (Gambhoi) | - | - |
| 03 | Unjha(Town) | Sidhpur DO (Palanpur CO) | K.D. Joshi, JE | A.B. Patel, LM | R.D. Patel, Sr.Asstt. |
| 04 | Changodar | Bopal DO (Sabarmati CO) | A.B.Danech, DE | B.H. Solanki, LM | J.K. Hadat, Sr. Asst |

## (3) % Transformer failure (Rural) (April-18 to December-18)

| Sr. No. | Name of S/Dn | Name of Division/Circle | Name of Person attending award winning function on dated 26-1-2019 | | |
|---|---|---|---|---|---|
| | | | Technical side (DE/JE) | Line staff side (LI/LM) | Billing side (Dy SA/Sr.Asst.) |
| 01 | Jotana | Mehsana DO (Mehsana CO) | H.D. Chaudhari, DE (9925212620) | R.J. Parmar, LI | - |
| 02 | TINTOI | MODASA DO (Himatnagar CO) | T.V. Sutariya, JE TMS | M.M. Patel , LI | - |
| 03 | Wav | Deesa-1 DO (Palanpur CO) | B.J. Brahmbhatt, DE | A.S. Patel, LM | - |
| 04 | Mandal | Sabarmati DO (Sabarmati CO) | M.N.Chaudhri,DE | R.S Suthar, LI | - |

## (4) % Transformer failure (Urban) (April-18 to December-18)

| Sr. No. | Name of S/Dn | Name of Division/Circle | Name of Person attending award winning function on dated 26-1-2019 | | |
|---|---|---|---|---|---|
| | | | Technical side (DE/JE) | Line staff side (LI/LM) | Billing side (Dy SA/Sr.Asst.) |
| 01 | Mehsana Ind | Mehsana DO (Mehsana CO) | J.P. Patel, DE 7567955938 | B.C. Vaghela, LI | |
| 02 | BAYAD | Talod DO (Himatnagar CO) | M.Y. Bula, DE & R.V. Bariya, JE, TMS | | |
| 03 | Unjha(Town) | Sidhpur DO (Palanpur CO) | A.G. Vaghela, DE | G.A. Patel, LM | - |
| 04 | Naroda-U | Sabarmati DO (Sabarmati CO) | N.B. Damor, JE | K.M. Garasiya, LI | |

### (5) Zero Electrical/mechanical Accident since last 3 years

| Sr. No. | Name of S/Dn | Name of Division/ Circle | Name of Person attending award winning function on dated 26-1-2019 | | |
|---|---|---|---|---|---|
| | | | Technical side (DE/JE) | Line staff side (LI/LM) | Billing side (Dy SA/Sr.Asst.) |
| 01 | Ranuj S/Dn | Patan DO (Mehsana CO) | S.P. Patel, DE 9925212611 | D.N. Patel, LI | - |
| 02 | Vadgam | Palanpur-2 DO (Palanpur CO) | V.R. Patel, DE | J.S. Parmar, LI | |
| 03 | Dehgam T | Gandhinagar DO (Sabarmati CO) | N.H. Patel, DE | K .D. Rathod, LI | |

### (6) Online Energy Bill Payment (July-2018 to December-18)

| Sr. No. | Name of S/ Dn | Name of Division/ Circle | Name of Person attending award winning function on dated 26-1-2019 | | Category | Rank |
|---|---|---|---|---|---|---|
| | | | Technical side | Billing side | | |
| 01 | Satlasana | Visnagar DO (Mehsana CO) | Dy. Engineer | Dy. Supdt A/c | Rural (LT) | 1 |
| 02 | Deesa Rural | Deesa-1 DO (Palanpur CO) | Dy. Engineer | Dy. Supdt A/c | Rural (LT) | 2 |
| 03 | Kadi Town | Kadi DO (Mehsana CO) | Dy. Engineer | Dy. Supdt A/c | Urban (LT) | 1 |
| 04 | Dholka Town | Bavla DO (Sabarmati CO) | Dy. Engineer | Dy. Supdt A/c | Urban (LT) | 2 |
| 05 | - | Bavla DO (Sabarmati CO) | Exe.Engineer | Supdt. Acctt. (R) | H.T. | 1 |
| 06 | - | Sabarmati DO (Sabarmati CO) | Exe.Engineer | Supdt. Acctt. (R) | H.T. | 2 |

## • Academic Awards:

| Sr. No. | Name of Emp. & Designation S/Shri | Place of Working | To whom / Relation | % age | Std. | Amount of Merit Award/Certificate to Sports persons |
|---|---|---|---|---|---|---|
| 01 | D.S. Kapadiya, Executive Engineer | Sabarmati DO | Daughter – Khushboo | She has cleared GPSC exam for the Class-I in the cadre of Dy.Supdt. Police (un armed) | 5000/- & Certificate | |
| 02 | G.V. Vankar, Ele. Asstt. | Salal S/Dn | Daughter – Anjaliben | 86.15% | 12th | 500/- & Certificate |
| 03 | P.M. Ankuya Ele. Asstt. | Palanpur DO-I | Daughter – Anisha | 85% | 10th | 250/- & Certificate |

## • Sports Achievement:

| | | | | | |
|---|---|---|---|---|---|
| VOLLEYBALL (Trophy to be given by Champion team to Hon'ble MD/Chairmen) | | | | | |
| 01 | V.D. haudhary<br>Jr. Asstt. | Gozariya S/Dn | Self | Member of Inter Company Volley Ball Champion Team & Selected for AIESCB | Certificate |
| 02 | M.R. Chaudhary<br>Jr. Asstt. | Lodara S/Dn | Self | Member of Inter Company Volley Ball Champion Team & Selected for AIESCB | Certificate |
| 03 | K.J. Kalasva<br>Lineman | Bechraji S/Dn | Self | Member of Inter Company Volleyball Champion Team | Certificate |
| 04 | Y.S. Raval<br>Jr. Engineer | Palanpur (H) S/Dn | Self | Member of Inter Company Volley Ball Champion Team & Selected for AIESCB | Certificate |
| 05 | N.P. Patel<br>Jr. Asstt. | Motera S/Dn | Self | Member of Inter Company Volley Ball Champion Team | Certificate |
| 06 | A.B. Chaudhary<br>Jr. Engineer | Kalol (T) S/Dn | Self | Member of Inter Company Volleyball Champion Team | Certificate |
| 07 | C.F. Chaudhary<br>Ele. Asstt. | Dholka S/Dn | Self | Member of Inter Company Volleyball Champion Team | Certificate |
| 08 | J.V. Chaudhary<br>Jr. Asstt. | Ladol S/Dn | Self | Member of Inter Company Volleyball Champion Team | Certificate |
| 09 | M.M. Dabhi<br>Jr. Asstt. | Bhabhar S/Dn | Self | Member of Inter Company Volleyball Champion Team | Certificate |
| 10 | M.G. Chaudhary<br>Jr. Asstt. | Dhanera S/Dn-II | Self | Member of Inter Company Volleyball Champion Team | Certificate |
| 11 | R.R. Modi<br>Jr. Asstt. | Radhanpur S/Dn | Self | Member of Inter Company Volleyball Champion Team | Certificate |
| 12 | S.B. Chaudhary<br>Jr. Engineer | Kalol (City) S/Dn | Self | Member of Inter Company Volleyball Champion Team | Certificate |
| CHESS | | | | | |
| 01 | S.A. Naik,<br>Superintendent | GEKC,<br>Sabarmati CO | Self | Selected as stand-by player for AIESCB Chess tournament for the year 2018-19 | Certificate |
| 02 | R.P. Mistry,<br>Dy. Engr. | Himatnagar (R)<br>S/Dn | Self | Selected as stand-by player for AIESCB Chess tournament for the year 2018-19 | Certificate |

કાર્યક્રમના અંતમાં શૈક્ષણિક-વિશિષ્ટ સિદ્ધિઓ મેળવેલ તમામ મહાનુભાવોને શ્રી સ્વરૂપ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં અને તમામ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈ-બહેનો, બાળકો અને નિવૃત્ત કર્મચારીઓએ આનંદ સાથે અલ્પાહાર ગ્રહણ કર્યો હતો. ■

# યુજીવીસીએલે મેળવ્યો IPPAI એવોર્ડ

તારીખ ૨૪ નવેમ્બર-૨૦૧૮નાં રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને આઈ.પી.પી.એ.આઈ. (IPPAI) એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

INDEPENDENT POWER PRODUCERS' ASSOCIATION OF INDIA (IPPAI) સંસ્થા દ્વારા તા. ૨૨-૨૪, નવેમ્બર-૨૦૧૮ના રોજ શૂન્ય રિસોર્ટ, બેલગુંડી, કર્ણાટક ખાતે યોજાયેલ એક ખાસ કાર્યક્રમ દરમિયાન આ એવોર્ડ BEST PEFORMING DISTRIBUTION COMPANYની કેટેગરી માટે યુજીવીસીએલ કંપનીને એનાયત કરવામાં આવ્યો.




યુજીવીસીએલ વતી કંપનીના ઇન ચાર્જ મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એન.સી. મકવાણાએ આ એવાર્ડ સ્વીકાર્યો હતો. શ્રી વી.પી. રાજા, ફોર્મર ચેરમેન, MNRE દ્વારા શ્રી મકવાણાને આ એવાર્ડ આપવામાં આવ્યો હતો.

IPPAI સંસ્થા દ્વારા મુખ્ય અતિથીઓ અને ગણમાન્ય વ્યક્તિઓની હાજરીમાં સદર એવાર્ડ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદર મહાનુભાવો ઉપરાંત ડૉ. અરૂણ કુમાર વર્મા, આઈ.એફ.એસ., જોઈન્ટ સેક્રેટરી (ડીસ્ટ્રીબ્યુશન), મીનીસ્ટ્રી ઓફ પાવર, ભારત સરકારને આ સમારંભમાં સ્પીકર તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા.

શ્રી વર્માએ વીડિયો કોન્ફરન્સ થકી પાવર સેક્ટર અંગેના તેમના જ્ઞાનનું પ્રસારણ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં શ્રી વર્મા ઉત્તર ગુજરાત વીજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર રહી ચુક્યા છે.

સદર એવાર્ડ માટેના નોમીનેશનની પ્રક્રિયા શ્રી જે.કે. દરજી, અધિક્ષક ઈજનેર (ટેક્નિકલ)ના સુપરવિઝન હેઠળ કોર્પોરેટ ઓફિસના ટેક્નિકલ વિભાગ દ્વારા કરવામાં આવી હતી.




વીજ ક્ષેત્રે કાર્યરત દેશની વિવિધ ઉત્કૃષ્ટ વીજ કંપનીઓના પ્રતિનિધિઓને તથા અન્ય કંપનીઓને વિવિધ કેટેગરીઓમાં સદર એવાર્ડ મેળવવા માટે પોતાની પ્રેઝન્ટેશન રજૂ કરવાની હોય છે. પ્રાથમિક તબક્કે IPPAI સંસ્થા વ્યક્તિ કે અન્ય સંસ્થાઓ તરફથી આવેલી દાવેદારીઓની ચકાસણી કરે છે અને ત્યાર બાદ તેઓના નિષ્ણાત જ્યુરી મેમ્બર્સ જોડે તેના નિષ્કર્ષ માટે રજુ કરે છે. જ્યુરી મેમ્બર્સ આવેલી તમામ દાવેદારીઓને ચકાસી તેઓનું મૂલ્યાંકન કરે છે અને તે પ્રમાણે યોગ્ય વ્યક્તિ કે સંસ્થાને વિજેતા નક્કી કરે છે.

IPPAI પાવર એવાર્ડ ભારતમાં ઊર્જા ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ યોગદાન આપતી વ્યક્તિઓ, સંસ્થાઓ, રાજ્યો તેમજ ડિસ્કોમને પ્રમાણિત કરે છે. યુજીવીસીએલ વીજ વિતરણ ક્ષેત્રે ગ્રાહકલક્ષી અભિગમ રાખીને સાતત્યપૂર્ણ સુવિધા પૂરી પાડવા માટે કટીબદ્ધ છે. ■

# યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટરશ્રી તરીકે હોદ્દો સંભાળતા શ્રી મહેશ સિંઘનું ઉષ્માભર્યું સ્વાગત

**શ્રી સ્વરૂપ પી., આઈ.એ.એસ.ની ગુજરાત સરકારના ટ્રાઈબલ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના સેક્રેટરીશ્રી તરીકે નિમણૂક કરાઈ છે.**






ગુજરાત સરકારશ્રીના નોટિફિકેશનના અનુસંધાને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા શ્રી મહેશ સિંઘ (આઈ.એફ.એસ.)ની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂંક કરાઈ છે.

સરકારશ્રી દ્વારા શ્રી સ્વરૂપ પી., (આઈ.એ.એસ.)ની ગુજરાત સરકારના ટ્રાઈબલ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના સેક્રેટરીશ્રી તરીકે નિમણૂક કરાઈ છે.

તા. ૦૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ શ્રી મહેશ સિંઘે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી તરીકે હોદ્દો સંભાળતાં રજીસ્ટર્ડ કોર્પોરેટ ઓફિસ મહેસાણા ખાતે ડ્યુટી જોઈન કરી હતી અને ફરજ પર હાજર થયા હતા.

યુજીવીસીએલની કોર્પોરેટ ઓફિસ મહેસાણા ખાતે તા. ૦૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ શ્રી મહેશ સિંઘનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એન. સી. મકવાણા, મુખ્ય ઈજનેર (પી.) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ) એન્ડ સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી, એડિશનલ જનરલ મેનેજર (એચ.આર.) શ્રી એ. સી. પ્રજાપતિ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ દ્વારા નવા મેનેજિંગ ડિરેક્ટરશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને તાળીઓના ગડગડાટથી નવા મેનેજિંગ ડિરેક્ટરશ્રીને વધાવી લીધા હતા.

આઈ.એફ.એસ.ની વર્ષ ૧૯૯૦ની બેચના શ્રી મહેશ સિંઘ ઓર્ગેનિક કેમેસ્ટ્રીમાં અનુસ્નાતકની પદવી ધરાવે છે અને ઇન્દિરા ગાંધી નેશનલ ફોરેસ્ટ એકેડમી સાથે સંકળાયેલા છે. શ્રી મહેશ સિંઘનું ડઝનબંધ સાયન્ટિફિક પેપર અને આર્ટિકલના સર્જનમાં યોગદાન છે.

યુજીવીસીએલમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રી તરીકે આવતાં પહેલાં શ્રી મહેશ સિંઘ, ગાંધીનગર ખાતે ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (વાઈલ્ડ લાઈફ) તરીકે ફરજ બજાવતા હતા.

શ્રી મહેશ સિંઘના નેતૃત્વ હેઠળ યુજીવીસીએલ પ્રગતિનાં સોપાનો સર કરશે અને ઊર્જા ક્ષેત્રમાં રાષ્ટ્રીય કક્ષાએ પોતાની યશકીર્તિ પ્રજ્વલિત કરશે તેવી આશા સેવાઈ રહી છે. ■

# યુજીવીસીએલ દ્વારા ''ચિંતન શિબિર''નું આયોજન

યુજીવીસીએલ દ્વારા તારીખ ૨૮-ડિસેમ્બર-૨૦૧૮ના રોજ એન્ટર પ્રિનિયોરશિપ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા, ભાટ, અમદાવાદ ખાતે ચિંતન શિબિરનું આયોજન કરવામા આવ્યુ.

માનનીય ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ અને માનનીય ચેરમેન શ્રી વરુણ માયરા, આઇ.એ.એસ. એ સદર ચિંતન શિબિરમાં હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.

યુજીવીસીએલના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી.ના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેનો ઉદ્દેશ્ય યુજીવીસીએલની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગેની ચર્ચા તેમજ ભાગ લીધેલ તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓ તરફથી મળેલ સૂચનો અને ઉપસ્થિત થયેલ પ્રશ્નોના નિરાકરણ અંગેનો હતો.

સવારે ૭.૩૦ કલાકે યોગશિબિર કર્યા બાદ અલ્પાહાર કરીને ચિંતન શિબિર કરવામાં આવી. ત્યાર બાદ ચિંતન શિબિરમાં ભાગ લેવા આવેલ તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓની નોંધણી કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિત મહેમાનોનું પૂષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યાર બાદ મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી., યુજીવીસીએલના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા પી.ડી.પી.યુ.ના ફેકલ્ટી શ્રી લલિત ખુરાનાના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો.

કાર્યક્રમના પ્રથમ ચરણમાં ઇનચાર્જ મુખ્ય ઈજનેર (ઓપ) શ્રી એન.સી. મકવાણા અને વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી એસ.એ. પટેલ દ્વારા ટેક્નિકલ વિભાગ અને પ્રોજેક્ટને લગતી પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવી.

મુખ્ય ઈજનેર (પી) શ્રી પી.બી. પંડ્યા અને જનરલ મેનેજર (ફાયનાન્સ) એન્ડ સી.એફ.ઓ. શ્રી આર.બી. કોઠારી દ્વારા અનુક્રમે પ્રોક્યોરમેન્ટને લગતી તેમજ કંપનીના એકાઉન્ટસને લગતી વર્તમાન પરિસ્થિતિ બાબતે પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવી.

કાર્યપાલક ઈજનેર (આઈ.ટી.) શ્રી જે.આર. ચૌધરીએ કંપનીના પાઈલોટ પ્રોજેક્ટ એવા સ્માર્ટગ્રીડ પર પ્રેઝન્ટેશન રજુ કરી હતી જે હાલમાં નરોડા, અમદાવાદ ખાતે કાર્યાન્વિત છે.

વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિએ એચ.આર. વિભાગ વિષે પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું.

દરેક પ્રેઝન્ટેશનમાં અંતે ભાગ લીધેલ તમામ અધિકારીશ્રીઓએ વિવિધ પ્રશ્નો રજુ કર્યા હતા અને તે અંગે ચર્ચાઓ



કરી વિવિધ બાબતે તેઓના સૂચનોને આવકારવામાં આવ્યા હતા.

અલ્પ વિરામ બાદ, પી.ડી.પી.યુ.ના શ્રી લલિત ખુરાના દ્વારા "Using Soft Controls for Enchancing Organizational Performance" મુદ્દે સ્પીચ આપવામાં આવી હતી.

મધ્યાહન ભોજન પછી, અધિકારીશ્રીઓ / કર્મચારીઓની પાંચ ટીમો બનાવીને વિવિધ મુદ્દાઓ પર ગ્રુપ ડિસ્કશન ગોઠવવામાં આવ્યું હતું, જેમાં મુખ્યત્વે નીચેના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

(1) Issues of Consumer

(2) Prevention of Transformer Failure

(3) UGVCl after 10 Years

(4) SKY

(5) Reduction of T&D Losses

માનનીય ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ અને માનનીય ચેરમેન શ્રી વરુણ માયરાના મુલ્યવાન માર્ગદર્શન અને સૂચનો પ્રમાણે ગ્રુપ ડિસ્કશનના અંતે દરેક ગ્રુપના લીડર દ્વારા તેઓને આપવામાં આવેલા વિષય પ્રમાણે પ્રેઝન્ટેશન બનાવવામાં આવી હતી.

ગ્રુપ ડિસ્કશન બાદ શ્રી સ્વરૂપ પી. દ્વારા કંપનીને યોગ્ય માર્ગદર્શન આપવા બાબતે ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલને સભા સંબોધવા આમંત્રિત કરવામાં આવ્યા હતા. શ્રી સૌરભભાઈ પટેલે તેમની સ્પીચમાં ગ્રાહકની જરૂરિયાતોને સમજીને તેઓને સહાયક થઇ શકીએ તે બાબત પર ભાર મુક્યો હતો.

શ્રી માયરાએ તેમની સ્પીચમાં રોજિંદા કામમાં અસરકારક ટેક્નોલોજીના ઉપયોગ બાબતે વાત કરી હતી જેથી કંપનીના ગ્રાહકો અને કર્મચારીઓને આસાની રહે અને સુમેળ ભર્યું વાતાવરણ ઊભું થાય.

શ્રી સ્વરૂપે તેમની સ્પીચમાં કંપનીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને બિરદાવતા જણાવ્યું હતુ કે કંપનીની ઉત્તરોઉત્તર પ્રગતિ, કંપનીએ મેળવેલ સન્માનો અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડસ એ કંપનીના તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓની સખત મહેનતનું પરિણામ છે.

શિબિરમાં કંપનીના મુખ્ય ઈજનેરથી માંડીને જુનિયર ઈજનેર કક્ષાના અધિકારીશ્રીઓ / કર્મચારીઓએ ભાગ લીધેલ. વિશેષ મહાપ્રબંધક (એચ. આર.) શ્રી પ્રજાપતિ દ્વારા શિબિરમાં ભાગ લીધેલ તમામ જોડેથી શિબિરની ઉપયોગીતા, પ્રેઝન્ટેશન અને ઉદ્‌ભવેલા પ્રશ્નો તેમજ તેનું નિરાકરણ અને શિબિરમાં મળેલ સુવિધા બાબતે તેઓના સૂચનો આવકારવામાં આવ્યા હતા. જે પૈકી ૧૫૦ ફીડબેક રીપોર્ટ







મળ્યા હતા જેનું વિશ્લેષણ શ્રી પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ટીમવર્ક અને મેનેજમેન્ટ તેમજ ટીમ વર્કથી થતી પ્રગતિ બાબતે એક શોર્ટ ફિલ્મ બતાવવામાં આવી હતી.

શિબિરના પ્રથમ ચરણમાં શ્રી સ્વરૂપ દ્વારા યુજીવીસીએલ કંપની માટે અસરકારક અને ઉપયુક્ત એક TAG LINE આપવા માટે હાજર રહેલ તમામને આહવાહન આપવામાં આવ્યું હતું તેમજ યોગ્ય TAG LINEને સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવી કંપનીની ઓફિસીઅલ TAG LINE બનાવી શકાય તેવું સૂચવવામાં આવ્યું હતું.

શિબિરના અંતિમ ચરણમાં અધિકારીશ્રીઓ / કર્મચારીઓ દ્વારા વિવિધ TAG LINE સૂચવવામાં આવી હતી, જેમાં મુખ્યત્વે "Consumer First", "Lighting Up Lives", "Urja ej Vikas", "Commitment for better services", "Powering forever" અને "Urja thaki Unnati" વગેરેનો સમાવેશ થાય છે જે ચેરમેન શ્રી માયરા સાહેબને પસંદગી અને મંજુરી અર્થે મોકલવામાં આવશે.

ત્યાર બાદ હાજર તમામને પ્રોત્સાહિત કરવા માટે ગાયક અને સંગીતકારની ટીમ દ્વારા ''મનુષ્ય તું બડા મહાન હે'' ગીત રજુ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે, શ્રી સ્વરૂપ દ્વારા ચિંતન શિબિરના આયોજક અધિકારીશ્રીઓનો/ કર્મચારીઓનો અને હાજર રહેલા તમામ મહાનુભાવોનો આભાર માનવામાં આવ્યો અને ભવિષ્યમાં પણ આ પ્રકારની ચિંતન શિબિર સર્કલ લેવલે યોજાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. ■

# યુજીવીસીએલ દ્વારા મેરેથોન દોડ ''રન ફોર એનર્જી''નું આયોજન

યુજીવીસીએલ દ્વારા તારીખ ૦૨-જાન્યુઆરી-૨૦૧૯ના રોજ સવારે ૦૭.૦૦ કલાકે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ''રન ફોર એનર્જી'' મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું.

યુજીવીસીએલના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી.ની આગેવાની હેઠળ કર્મચારીઓમાં ખેલકૂદ ભાવના વિકસાવવા અને સ્વાસ્થ્ય વિષે જાગૃતતા ફેલાવવા માટે સદર કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ મેરેથોન દોડમાં ઇનચાર્જ મુખ્ય ઈજનેર (ઓપ), શ્રી એન.સી. મકવાણા, મુખ્ય ઈજનેર (પી) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાયનાન્સ) એન્ડ સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી એસ.એ. પટેલ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો હતો.



અધિકારીશ્રીઓને અને કર્મચારીઓને તેઓના પરિવાર તથા બાળકો સાથે આ મેરેથોન દોડમાં ભાગ લેવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા, જે મુજબ શ્રીમતી સ્વરૂપે પણ આ દોડમાં ભાગ લીધો હતો.

લગભગ ૩૫૦ જેટલા પ્રતિભાગીઓએ આ મેરેથોન દોડમાં ભાગ લીધો હતો જેમાં પુરૂષ સ્પર્ધકો ૭૫ મિનિટમાં (સવારે ૦૭.૦૦ વાગ્યાથી ૦૮.૧૫ વાગ્યા સુધીમાં) અને મહિલા સ્પર્ધકો ૯૦ મિનિટમાં (સવારે ૦૭.૦૦ વાગ્યાથી ૦૮.૩૦ વાગ્યા સુધીમાં) આ મેરેથોન દોડ પૂર્ણ કરશે તેવું ઠરાવવામાં આવ્યું હતું.

આ મેરેથોન દોડમાં સ્પર્ધકોના પરફોર્મન્સ પ્રમાણે પહેલો, બીજો અને ત્રીજો ક્રમ આપવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું અને બાકીના સ્પર્ધકોને ફિનીશર અને પાર્ટીસિપન્ટ તરીકે જાહેર કરવામાં આવશે તેવું ઠરાવવામાં આવ્યું હતું.

ભારે રસાકસી બાદ, મેરેથોન દોડમાં પુરૂષ સ્પર્ધકોમાં હિમતનગર ટાઉન સબ ડિવિઝનના શ્રી વી.ડી. ચૌધરી, અંબાજી સબ ડિવિઝનના શ્રી એસ.કે. ચૌધરી અને બાવળા સબડીવીઝનના શ્રી સુરેશ એસ. મકવાણા અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવ્યા હતા.

તેજ રીતે મેરેથોન દોડમાં મહિલા સ્પર્ધકોમાં ગાંધીનગર ડિવિઝનના હેતલબેન બ્રહ્મભટ્ટ, શીલજ સબ ડિવિઝનના ભૂમીબેન પટેલ અને સાબરમતી વર્તુળ કચેરીના ઉર્વશીબેન પરમાર અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવ્યા હતા.

સદર ટુર્નામેન્ટના અંતે શ્રી સ્વરૂપ પી.ના વરદ હસ્તે મેરેથોન દોડમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલા પુરૂષ વિજેતાઓને સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા, તે પ્રમાણે શ્રીમતી સ્વરૂપના વરદ હસ્તે મેરેથોન દોડમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલા મહિલા વિજેતાઓને સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

અંતમાં તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓએ અલ્પાહાર કર્યા બાદ શ્રી એસ.એ. નાયક દ્વારા સદર કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો. ■




સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

# આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

**cccell@ugvcl.com**
**managercc@ugvcl.in**
**mitesh@ugvcl.in**